**<u>Name  Of Owner</u>**  - A.P.M.C.  Khambhaliya

**<u>Name Of Work</u>** - RENOVATION WORK OF EXISTING  SHED

## <u>ખાસ ટેન્ડર શરતો</u>

૧ . તમામ કામગીરી અમારા કન્સલ્ટ એંન્જીનીયર,સ્ટ્રકચર એન્જીનીયર  તથા બજાર સમિતિ ની સુચના મુજબ તેમજ ડીટેઇલ – પ્લાન, એસ્ટીમેટ,સ્ટ્રકચર ડીઝાઇન મુજબ કરવા ની રહેંશે.

૨.  તમામ કામગીરી નાં સ્પેસિફીકેશન આર. એન્ડ બી. ડીવીઝન ગુજરાત રાજય મુજબ રહેશે.

૩.  બાંધકામ ને લગતો માલ સામાન સપ્લાય કરતા પહેલા અમારા કન્સલ્ટ એન્જીનીયર તથા બાંધકામ કમીટી પાસે એપ્રુવ કરાવી વાપરવાનો રહેશે.

૪.  ટેન્ડરમાં ન હોય તે આઇટમ ની રેટ એનાલીસીસ મંજુર કરાવ્યા બાદ કામગીરી કરવાની રહેશે.

૫.  ૨૫ ટકાથી વધારે એકસેસ કવોન્ટીટી મંજુર કરાવ્યા બાદ  કામગીરી કરવા ની રહેશે.

૬.  સમય મર્યાદા માં કામ પુર્ણ કરવા માં નહી આવે તો,બજાર સમિતિ નકકી કરે તે મુજબ પેનલ્ટી વસુલ કરવા માં આવશે.

૭.  કોઇપણ  સંજોગોમાં કોન્ટ્રાકટર દવારા કામ અધુરૂ રાખવા માં આવશે. તો બાકી રહેતી કામગીરી અન્ય કોન્ટ્રકટર પાસેથી તેમના (મુળ કોન્ટ્રાકટર) ખર્ચે અને જોખમે પુર્ણ કરવામાં આવશે.

૮.  બાંધકામ દરમ્યાન કોઇપણ પ્રકાર ની ઇંજા કે જાન હાની થાય તો તેમની જવાબદારી કોન્ટ્રાકટર ની રહેશે. આ માટે કોન્ટ્રાકટર કોઇ વળતર કે દાવો કરી શકશેં નહી.

૯.  જરૂરી લેબર લાયસન્સ તથા વિમાં ની જોગવાઇ કોન્ટ્રાકટરે કરવા ની રહેશે.

૧૦. થયેલ કામ નું રનીંગ બીલ કામ ની પ્રગતી મુજબ તેમજ કન્સલ્ટ એંન્જીનીયર ના અભિપ્રાય મુજબ કરવામાં આવશે. જેમાં સરકારી નિયમ મુજબ એજન્સીએ જી.એસ.ટી.ભરવાનો રહેશે.તેમજ જી.એસ.ટી. ભર્યાનો આધાર રજુ કરવાનો રહેશે.

૧૧. બાંધકામ દરમ્યાન વાપરવા માં આવેલ સફેદ બેલા, કાળા પથ્થર, ક્રસ મેટલ, મોરમ, સોઈલીંગ મટીરીયલ, રેતી, હેન્ડ બ્રોકન મેટલ,વગેરે ની રોયલ્ટી ભર્યા નો આધાર બજાર સમિતિ માં આપવા નો ફરજીયાત રહેશે.

૧૨. કોન્ટ્રાટર કામમાં વપરાયેલ લોખંડ,તથા સિમેન્ટ ખરીદી ના બીલ ની નકલ આપવાની રહેંશે.

૧૩. સિમેન્ટ/લોખંડ વપરાશ રજીસ્ટર ડે ટુ ડે નિભાવવા નું રહેશે.

૧૪. કન્સલ્ટ એન્જીનીયર ની સુચના મુજબ બાંધકામ માં વાપરવા નાં થતા માલ સામાન નું સરકારી નિયમ મુજબ ટેસ્ટીંગ કરાવી તેમના સર્ટીફિકેટ રજુ કરવા ના રહેશે. આ અંગે નો ખર્ચ કોન્ટ્રાકટરે કરવાનો રેહેશે. તેમજ માલસામાનનું ટેસ્ટીંગ સરકાર માન્ય લેબોરેટરીમાં કરાવવાનું રહેશે.

૧૫. કોન્ટ્રાકટરે સિમેન્ટ ક્રોંકેટ નાં કયુબ ટેસ્ટ વખતો વખત કન્સલ્ટ એન્જીનીયરની સુચના મુજબ સરકારી લેબોરેટરીમાં કરવાના રહેશે.આ અંગે નો ખર્ચ કોન્ટ્રાકટરે કરવાનો રેહેશે.

૧૬. કોન્ટ્રાકટરે આ ટેન્ડર સાથેની શરતો સિવાય કોઇ અન્ય શરત મુકવા ઇચ્છા હો તો આ ટેન્ડર સાથે અલગથી લેટર પેડ ઉપર મુકવી, આ શરતો મંજુર કે નામંજુર કરવા નો હકક બજાર સમિતિ નો રહેશે

૧૭. એસ્ટીમેટ માં દર્શાવેલ કવોન્ટીટી અંદાજીત છે. તેમા ૨૫ ટકા વધ-ઘટ થઇ શકે તેમ હોય કોન્ટ્રાકટ ટેન્ડર માં ભરેલા ભાવ થી કામગીરી કરવા ની રહેશે. આ અંગે કોઇ વધારા નું ચુકવણુ કરવા માં આવશે નહી.

૧૮. તમામ પ્રોજકટ સરકાર શ્રી નો વિવિધ યોજના માંથી કરવાનો હોય, જેતે યોજના નાં નિયમ મુજબ કામગીરી કરવા ની રહેશે. તેમજ તેમની યોજના મુજબ પેમેન્ટ કરવામાં આવશે.

૧૯. સરકાર શ્રી અથવા બજાર સમિતિ દવારા નિયુકત કરેલ થર્ડ પાટી ઇન્સ્પેકશન ની સુચના મુજબ ચુસ્ત પણે કામ કરવા નું રહેશે. તેમના દવારા આપવા માં આવેલ સુચના મુજબ બાંધકામ કરાવા નું રહેશે.જો કોઇ કામગીરીમાં ખામી જણાસેતો કોન્ટ્રાકટરે તુરંત તે કામગીરી સુચના મુજબ પોતાના ખર્ચે સુધારવા ની રહેશે.

૨૦. બાંધકામ દરમ્યાન હીડન આઇટમોની માપ સાઇઝ ની વખતો વખત રેકર્ડ એન્ટ્રી અમારા સાઇટ સુપર વાઇઝર અથવા કન્સલ્ટ એન્જીં. પાસે કરાવવા ની રહેશે.

૨૧. ચાલુ પ્રોજેકટ દરમ્યાન પ્લાન કે એલીવેશન, સ્ટ્રકચર ડીઝાઇન માં ફેરફાર કરવા માં આવે તો તે મુજબ કોન્ટ્રાકટરે કામગીરી કરવાની રહેશે.

૨૨. ચાલુ પ્રોજેકટ દરમ્યાન એસ્ટીમેટ માં હોય તે આઇટમ ની જગ્યાએ અન્ય આઇટમ કરવાની થાય તો તે આઇટમ ચાલુ વર્ષ નાં આર. અન્ડ બી. ડીવીઝન નાં એસ.ઓ.આર. મુજબ કરવા ની રહેશે. જો એસ.ઓ.આર.માં ભાવ ન હોય તો રેટ એનાલીસીસ મુજબ કામગીરી કરવાની રહેશે.

૨૩. કોન્ટ્રાકટર દવારા સાઇટ ઉપર કાયમી કવોલીફાઇડ સાઇટ એન્જીનીયર તથા સુપર વાઇઝર રાખવા ના રહેશે. તેમજ બજાર સમિતિ ના કન્સલ્ટ એન્જીનીયર ની સુચના નું ચુસ્ત પણે પાલન કરાવાનું રહેશે.

૨૪. તમામ બાંધકામ માં મેજર પ્લાન્ટ ની આ.એસ.આઇ....... ઓ.પી.સી. ૫૩ - ગ્રેડ સિમેન્ટ વાપરવાની રહેશે.

૨૫. તમામ આર.સી.સી. કામ માં આઇ.એસ.આઇ. ટી.એમ.ટી. સ્ટીલ વાપરવાનું રહેશે.

૨૬. બાંધકામ માટે જરૂરી વિજપુરવઠો તથા પાણી ની વ્યવસ્થા કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૨૭. બાંધકામમાં પાણી છાંટવાની નિયમીત વ્યવસ્થા કોન્ટ્રાકટરે કરવાની રહેશે. જો તેમા ખામી જણાશે. તો કોન્ટ્રાકટર ના ખર્ચે બજાર સમિતિ પાણી છાંટવાની વ્યવસ્થા કરશે.

૨૮. કામ દરમ્યાન કોઇપણ પ્રકારનો ભાવ વધારો આપવામાં આવશે નહી.

૨૯. લોખંડ તથા સિમેન્ટ વપરાશ રજિસ્ટર નીયમીત નિભાવવા નું રહેશે.

૩૦. જરૂરીયાત પડે તો કન્સલ્ટ એન્જીનીયર તથા બાંધકામ કમીટીના અભિપ્રાય ઉપર મટીરીયલ્સ એડવાન્સ આપવામાં આવશે.

૩૧. એસ્ટીમેટ માંથી કોઇ પણ આઇટમ બાંધકામ કમીટી ની સુચના મુજબ જરૂર જણાય તો રદ કરી શકશે. અથવા આઇટમ ફેરવી પણ શકશે. એસ્ટીમેટ સિવાય ની આઇટમ કરવાની થાય તો તેમનુ ચુકવણુ સરકારી એસ.ઓ.આર. મુજબ કરવામાં આવશે. અને જો તે આઇટમ સરકારી એસ.ઓ.આર. માં ન હોય તો રેઇટ એનાલીસીસ મંજુર કરાવી ચુકવણુ કરવામાં આવશે.

૩૨. કામનો તબ્બકાવાર પ્રગતિ રીપોર્ટ ટેન્ડર સાથે જોડવાનો રહેશે.

૩૩. સરકારી નિયમ મુજબ ભરવાનો થતો ટેકસ, લેબર સેસ તથા અન્ય તમામ સરકારી ટેકસ તથા રોયયલ્ટી ચાર્જ કોન્ટ્રાકટરે ભરવાના રહેશે તેમજ ટેકસ તથા રોયલ્ટી ભરવાની અંગત જવાબદારી રહેશે.

૩૪. બાંધકામ માં વાપરવા ના થતા ચોરસ પાઈપ , રૂફસીટ , જરૂરી ફીટીંગ બાંધકામ કમિટી તથા કન્સલ્ટ એન્જીનીયર પાસે એપ્રુવ કરવા નો રહશે.

૩૫. સી.સી.રોડ ફ્લોર હાર્ડનર તથા પ્લાસ્ટીસાઇઝર ના સેમ્પલ અમારા કન્સ્લટ એન્જીનીયર તથા બાંધકામ કમીટી પાસે એપ્રૂવ કરાવી વાપરવાના રહેશે.

૩૬.એજન્સી દવારા આવેલ ફીઝીકલ ડોકયુમેન્ટની ચકાસણી પ્રિકવોલીફીકેશન ક્રાઇટ એરીયા મુજબ કરવામાં આવશે જે એજન્સીના ફીઝીકલ ડોકયુમેન્ટ પ્રિકવોલીફીકેશન ક્રાઇટ એરીયા મુજબના હશે. તેમના જ પ્રાઇઝબીડ ખોલવામાં આવશે.

૩૭. એજન્સી દવારા થયેલ કામનું રનિંગ બીલ અથવા ફાઇનલ બીલ રજુ કર્યા બાદ ઓછા માં ઓછા ૧૫ દિવસ બાદ ચુકવણુ કરવામાં આવશે.

૩૮. કામમાં વાપરવાની થતિ ભાદર નદીની ચારેલી, ધોયેલી તથા ચોખ્ખી રેતી અથવા આર્ટીફીસીયલ રેતી વાપરવાની રહેશે. તેમજ સપ્લાય પહેલા રેતિ સાઇટ સુપરવાઇઝર પાસે એપ્રુવ કરાવવાની રહેશ જો રેતિની ગુણવતા નબળી જણાશે, તો એજન્સીએ તાત્કાલીક પોતના ખર્ચે આ નબળી રેતિ નો જથ્થો દુરસ્ત કરવાનો રહેશે.

૩૯. એજન્સી દવારા રજુ કરેલા ફીઝીકલ ડોકયુમેન્ટ, ટેન્ડરમાં દર્શાવેલ પ્રિકવોલીફીકેશન ક્રાઇટ એરીયા મુજબ હશે તોજ પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે. તેમજ ટેન્ડરમાં દર્શાવેલ શરતો મુજબ તમામ ડોકયુમેન્ટ ઓન લાઇન તેમજ હાર્ડ કોપીમાં રજુ કરવાના રહેશે.

૪૦. ટેન્ડર સાથે ૨.૫૦% સીકયુરીટી ડીપોઝીટ ભરવાની રહેશે તેમજ દરેક રનિંગ બીલ તથા ફાઇનલ બીલમાંથી ૨.૫૦ % સીકયુરીટી ડીપોઝીટ ની રકમ કપાત કરવામાં આવશે. આ તમામ ૫% મુજબ ની સીકયુરીટી ડીપોઝીટ ની રકમ કામ પુર્ણ કર્યાના ૬ – માસ બાદ કન્સલ્ટ એન્જીનીયર તથા બાંધકામ કમીટીના અભિપ્રાય બાદ પરત કરવામાં આવશે.

૪૧. ટેન્ડર માટેના ફીઝીકલ ડોકયુમેન્ટ ફકત રજીસ્ટર પોસ્ટથી ૦૬/૦૭/૨૦૨૬, ઓફીસ કલાક દરમ્યાન શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી જામખંભાળિયા ને પહોંચાડવાના રહેશે. મુદત બાદ આવેલ ફીઝીકલ ડોકયુમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં.

૪૨. બાંધકામમાં વાપરવાના થતા માલ સામાન ની બ્રાન્ડ તથા પસંદગી કન્સલ્ટ એન્જીનીયર તથા બાંધકામ કમિટી ની સચના મુજબ કરવાની રહેશે. તેમજ તમામ માલસામાન એપ્રુવડ કરાવી વાપરવાના રહેશે.

ઉપરોકત શરત નં ૧. થી ૪૨ અમોને કબુલ મંજુર છે. તે બદલ નિચે સહી કરેલ છે.

કોન્ટાકટર ની સહી /સિલ

સેક્રેટરી ની સહી / સિલ